જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૯/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬૦ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૭ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત અટકાયત કરી હતી.

પર્સ ખેંચી ઝુંટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૭/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ મીનાબહેન વા/ઓ રમેશભાઈ જાદવ (ઉ.વ.૪૦)(રહે.શાલીગ્રામ લેક–વ્યુ વૈષ્ણોદેવી સર્કલની બાજુમા ખોરજ) તા.૧૨/૦૯/૨૦૨૫ સવારના ૬/૫૦ વાગ્યાના સુમારે રેપીડો ઓટો રીક્ષામાં બેસી થલતેજ ગુરૂદ્વારા અંડરબ્રીજ માંથી પસાર થતા હતા ત્યારે એક્સેસ ટુ–વ્હીલર ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી રીક્ષાની નજીક એક્સેસ સ્કુટર લાવી, મીનાબહેનની પાસે રહેલ કાળા રંગનુ લેડીઝ પર્સ રીક્ષામાંથી ખેંચી લઇ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાની વીટીં કિમત રૂપિયા ૫૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– તેમજ અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની ફરીયાદ મીનાબહેન જાદવએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૮૮/૨૦૨૫**

કારંજઃ જયંતીભાઇ મગનભાઇ વાઘેલા (ઉ.વ.૫૪)(રહે.ગોતા હાઉસીંગ વસંતનગર ટાઉનશીપ પાસે રાધેકૃષ્ણ ચોક ગોતા) એ તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી ૧/૧૫ વાગ્યા દરમ્યાન લાલ દરવાજા એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ ખાતે બસ નંબર–૬૪ માંથી ઉતરતી વખતે પેસેંજરોની ભીડનો લાભ લઇ અજાણી વ્યક્તિ જયંતીભાઇની નજર ચુકવી તેમના પેંટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.દેશમુખ ચલાવે છે.

ઉંચાઇથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૫**

નિકોલઃ વટવા હનુમાન મંદિરની પાસે વટવા જી.આઇ.ડી.સી. ખાતે રહેતા મોહિતસિંહ રાજપુત (ઉ.વ.૨૫)(મુળ વતન આમલીકોર થાના:તીનવારી જી.બાંદા, ઉત્તરપ્રદેશ) તા.૧૧/૦૯/૨૦૨૫ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ભક્તિ સર્કલ પાસે આવેલ "નિરમાન રિયાલિટી" નામની સાઈટ ઉપર મજૂરોને કામ બતાવતા હતા ત્યારે પાલખી ઉપરથી પગ લપસી જતા નીચે પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને નિકોલ હાર્મોનિક હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૯/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૯૦/૨૦૨૫**

સાબરમતીઃ રમેશ સ/ઓ ભાવારામ ચૌધરી (ઉ.વ.૧૫)(રહે.પરમેશ્વર–૪, ગોદરેજ ગાર્ડન સીટી બાજુમાં, જગતપુર, ચાંદખેડા) તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ચાલતા સ્કુલે જવા નિકળેલ હતો સવારના ૮/૦૫ વાગ્યા પહેલા સાબરમતી "ડી" કેબીન અંડરબ્રીજની બાજુમાં આવેલ રેલ્વે ટ્રેકના થાંભલા નંબર–૭૭૫/૩૪ થી ૭૭૫/૩૫ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૯૧/૨૦૨૫**

ખોખરાઃ મનીષ સ/ઓ રતિલાલ કોષ્ટી (ઉ.વ.૩૯)(રહે.શિવશક્તિ સોસાયટી, ઈશ્વરકૃપા ફ્લેટ સામે, હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

નિકોલઃ નિકોલ મનમોહન ચાર રસ્તા અશ્વમેઘ સોસાયટી ખાતે રહેતા રામપ્રકાશ રામદયાલ સાક્યની ૧૬ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.કટારા ચલાવે છે.

ઓઢવઃ (૧) કલ્પના વા/ઓ મનોજકુમાર જેના (ઉ.વ.૩૨)(રહે.આર.વી.પ્લાસ્ટીક રોડ નંબર–૩૨, જી.આઇ.ડી.સી. ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૫ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચીયન ચલાવે છે.

ઓઢવઃ (૨) રઘુકુળ એસ્ટેટમાં સાન્વી એસ્ટેટ શેડ નંબર–૧૨/૦૩ ખાતે કામ કરતા અરવિંદભાઇ જશવંતસિંહ ચૌહાણ (ઉ.વ.૩૯)(મુળ વતન: ગામ:–સંદેસર તા:–કઠલાલ જી:–ખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા ઓઢવ રઘુકુળ એસ્ટેટમાં સાન્વી એસ્ટેટ શેડ નંબર–૧૨/૦૩ ખાતે કારખાનાના ઘાબા ઉપર આવેલ રૂમમાં પતરામાં લગાડેલ લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી